ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વરસાદ પહેલાના બફારાએ માઝા મુકી

**અસહ્ય બફારા અને ગરમીથી નગરજનો ત્રસ્ત બન્યા : વરસાદ પહેલાના બફારાએ વસાહતીઓને પરસેવે રેબઝેબ બનાવ્યા**

ગાંધીનગર, તા. ૬

વરસાદ પહેલાના બફારાએ ખરેખર માઝા મુકી છે. શહેરીજનો બફારાના કારણે ત્રસ્ત બન્યા છે. આખો દિવસ એટલી બધી ગરમી અને બફારો અનુભવાય છે કે વસાહતીઓને એસી અને કુલર આખો દિવસ ચલાવવા પડે છે.

જૂન મહિનાના શરૂઆતના દિવસોમાં અનુભવાતો બફારો ખરેખર તોબા પોકારાવી દે છે. એટલો બધો બફારો છેલ્લા ચાર-પાંચ દિવસથી અનુભવાઈ રહ્યો છે કે વસાહતીઓ ખરેખર ત્રાસી ગયા છે. આકરા તડકાની સાથે સાથે હવે છેલ્લા કેટલાક દિવસોથી બફારો માઝા મુકી રહ્યો છે. સવારથી જ એટલો બધો તડકો અનુભવાય છે કે વસાહતીઓ ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. વસાહતીઓ તડકાના કારણે જેટલા હેરાન-પરેશાન છે તેનાથી વધુ હેરાન પરેશાન બફારાના કારણે થઈ રહ્યા છે. ઠંડા પાણીથી નહાઈને ઘરની બહાર નીકળો તો પણ ગરમી ઓછી થતી નથી. પરસેવાથી રેબઝેબ થઈ જવાય છે. ગરમી અને બફારાના કારણે નગરજનો દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળવાનુ ટાળી રહ્યા છે. એટલો બધો બફારો છે કે આખો દિવસ એસી અને કુલર ફૂલસ્પીડે ચલાવવા પડે છે.

વરસાદની સીઝન હવે નજીકમાં છે ત્યારે ખૂબ આકરી ગરમી પડી રહી છે. ગરમી અને બફારાથી રાહત મેળવવા માટે વસાહતીઓ ઠંડા પાણીનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે.



ધમાકેદાર બેટીંગ - મંગળવારની રાત્રે ધારાસભ્ય રીટાબેન પટેલ આયોજીત જી.એન.પી.એલ.ના સમાપન પ્રસંગે ઉપસ્થિત રહેલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ધમાકેદાર બેટીંગ કરીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા... ખૂબ જ ઓછા બોલા અને સાદગીસભર વ્યક્તિત્વ ધરાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે યુવાનીકાળ યાદ કરી જી.એન.પી.એલ. ક્રિકેટ ટુર્નામેન્ટના સમાપન સમારંભ પૂર્વે ધમાકેદાર બેટીંગ કરી ક્રિકેટ પ્રેમીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ફુડકોર્ટની ૨૭ દુકાનો એક દાયકાથી બિન ઉપયોગી

**ફુડકોર્ટના સ્ટોલના ભાડા અન્વયે પણ અંદાજિત ૨૦ લાખની વસુલાત બાકી : ભાડુ ન ચુકવતા દુકાનદારોની દુકાન સીલ કરવા તંત્રની ટીમે અગાઉ રૂબરૂ સ્થળ મુલાકાત લઇ વેપારીઓને તાકીદ કરી હતી**

ગાંધીનગર તા ૬

શહેરના હાર્દસમા વિસ્તારમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુડકોર્ટમાં હજુ પણ એક દાયકાના અંતે ૨૭ જેટલી દુકાનો ફાળવવામાં આવી નથી અગાઉ ઉપયોગના અભાવે ખંડેર બનેલી ફુડકોર્ટના રીનોવેશન પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો જયારે ફુડકોર્ટના વેપારીઓ નિયમિત ભાડુ ન ચુકવતા તંત્ર દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી જેના અંતે ફુડકોર્ટની ભાડાવસુલી અન્વયે પણ નોંધપાત્ર વસુલાત કરી દેવામાં આવી છે. જો કે હજુ પણ અંદાજિત ૨૦ લાખ જેટલુ ભાડુ બાકી છે.

ગાંધીનગર શહેરમાં દબાણની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. સેકટરોમાં ઠેર ઠેર દબાણોની હારમાળા જોવા મળે છે. હવે તો સેકટરોના રહેણાંક વિસ્તાર નજીક પણ દબાણો વધી ગયા છે. નગરના સેકટરોમાં ખાણી પીણીના લારી ગલ્લાના દબાણોની સંખ્યા પણ વધી છે. જેના લીધે પાર્કીંગ વ્યવસ્થા અને ટ્રાફિકની અવરજવર પ્રભાવિત છે. આ સ્થિતિ વચ્ચે શહેરના હાર્દ સમા વિસ્તારમાં નિર્માણ કરાયેલી ખાણીપીણી બજારમાં ફુડકોર્ટ તૈયાર કરાયા બાદ વર્ષ ૨૦૧૨ માં ૩૯ દુકાનો ફાળવવામાં આવી હતી ત્યારબાદ વર્ષ ૨૦૨૦-૨૧ માં વધુ ૪૦ દુકાનો ફાળવવામાં આવી હતી જો કે આ પૈકી માત્ર ૩૦ લાભાર્થીઓએ જ દુકાનોનો કબજો લીધો હતો.

જયારે હાલની સ્થિતિએ પણ ફુડકોર્ટમાં અંદાજિત ૨૭ દુકાનો ઉપયોગ વિના જ પડી રહી છે. અલબત્ત આ દુકાનોની ફાળવણી થઈ નથી. પાટનગર યોજના વિભાગ દ્વારા આ ફુડકોર્ટમાં અંદાજિત ૯૬ દુકાનો તૈયાર કરવામાં આવી હતી. જયારે કોરોના કાળમાં દુકાનદારોની રજુઆતના અંતે સરકારે ૬ મહીનાનુ ભાડુ પણ માફ કર્યુ હતુ.

જો કે દુકાનદારો ભાડુ ચુકવવામાં લાંબા સમયથી નિરસતા સેવતા તંત્રએ નોટીસો પણ આપી હતી આમછતા ભાડુ ચુકવવામાં ન આવતા તંત્રની ટીમે સ્થળ મુલાકાત લઈ દુકાનો સીલ કરવા સુધીના પગલા લેવાની ચેતવણી આપી હતી જેના અંતે નોંધપાત્ર ભાડાની વસુલાત થઈ હતી. જો કે હાલની સ્થિતિએ પણ ભાડે પેટે અંદાજિત રૂ ૨૦ લાખનુ માંગણુ બાકી છે. નગરની ફુડકોર્ટમાં હાલ ૬૯ દુકાનોમાં લાભાર્થીઓ ખાણીપીણીનો ધંધો કરે છે. જયારે અગાઉ ફુડકોર્ટના રીનોવેશન માટે પણ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો હતો જયારે ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોને ડામવા માટે પણ નવી લાઇન નાંખવામાં આવી હતી જેની પાછળ પણ તોતિંગ ખર્ચ કરાયો હતો. શહેરમાં એકબાજુ દબાણની સમસ્યા વધી છે. ત્યારે ફુડકોર્ટની દુકાનો લાભાર્થીઓને ફાળવવાના મામલે નિકાલ આવે તે પણ અનિવાર્ય છે. જેથી સરકારને ભાડાની વધુ આવક થાય.

# શહેરનો ગ-માર્ગ સિકસલેન છતા માર્ગ સલામતીનુ ચિત્ર જોખમી

**માર્ગ વચાળે જ વૃક્ષોનુ અસ્તિત્વ વાહનચાલકો માટે જાનલેવા પુરવાર થાય તેવી દહેશત : રોજબરોજ નાના મોટા અકસ્માતો નિવારવા માટે વૃક્ષો દુર કરવાની લાગણી પ્રબળ**



ગાંધીનગર તા ૬

ગાંધીનગરના તમામ મુખ્યમાર્ગો સિકસલેન છે. બાકી રહેતા ગ માર્ગને પણ આખરે લાંબા સમયના અંતે સિકસલેન કરી દેવાયો છે. ગ માર્ગની યોજનાનુ હજુ સંપુર્ણ કામ પુર્ણ થયુ નથી. ગ માર્ગના રોડ ફર્નિચરનુ કામ પણ બાકી છે. જયારે માર્ગ વચાળે વૃક્ષોનુ અસ્તિત્વ હોવાથી રોડ સેફટી સામે મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે જાનલેવા અકસ્માત થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. માર્ગ વચાળે જ વૃક્ષો ના લીધે વાહનચાલકો અથડાઈ જાય છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની દહેશત છે. જાગૃત નાગરિકોએ પણ માર્ગ સલામતીની દ્રષ્ટિએ વચાળે સ્થિત વૃક્ષો ત્વરિત દુર કરવા માંગણી કરી છે.

શહેરના ગ માર્ગને સિકસલેન બનાવાની યોજનાનુ કામ નિયત સમયના અંતે પણ પુર્ણ થયુ નથી. કોરોના કાળમાં આ કામગીરી બે વર્ષ સુધી ખોરવાઈ ગઈ હતી જયારે અંદાજિત ૭ કી મી ના આ માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે વાઈડનીંગ અને ડામર કામ થઈ ગયુ છે. પરંતુ રોડ ફર્નિચરની કામગીરી પણ ચોમાસા પુર્વે પુર્ણ કરવાની હતી તે પણ બાકી છે. જયારે બીજીતરફ ગ માર્ગ પર હજુ માર્ગ વચાળે વૃક્ષોનુ અસ્તિત્તવ છે. ગ માર્ગના વાઈડનીંગને અનુલક્ષી તંત્ર દ્વારા વન વિભાગને જરૂર મુજબ વૃક્ષોની કટોતી કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી હતી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વિવિધ બે ઠેકાણે વ્હાઈટ ટોપિંગ માર્ગ તૈયાર કરાશે

**રક્ષા શક્તિ સર્કલ પાસે અને કોબા અડાલજ લીંક માર્ગને વ્હાઇટ ટોપિગ કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં વ્હાઈટ ટોપિંગ રોડનો પ્રયોગ અમદાવાદ શહેરમાં કરવામાં આવ્યો છે. બેંગ્લુરુ માં પ્રથમ આ મુજબ ના રોડ નેટવર્ક નું નિર્માણ કરવામાં આવ્યું હતું જ્યારે હવે ગાંધીનગરમાં પણ કોબા, અડાલજ લીંક રોડ અને રક્ષાશક્તિ સર્કલ પાસે વ્હાઈટ ટોપિંગ માર્ગ તૈયાર કરાશે . આ યોજના અન્વયે રું ૩૮ કરોડના ખર્ચ થવાનો અંદાજ છે . ડામર રોડ ૩થી ૫ વર્ષ જ્યારે કૉંક્રિટના વ્હાઈટ ટોપિંગ માર્ગની લાઈફ ૧૦થી ૧૫ જેટલી હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર સહિત રાજ્યના જુદા જુદા શહેરોમાં માર્ગની ગુણવત્તા સામે અનેકવાર સવાલો ઉઠે છે અગાઉ શહેરના માર્ગો સેલિબ્રિટી માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી રોડનેટવર્ક ની ગુણવત્તાને અનુલક્ષી ફરિયાદો વધી છે ગાંધીનગરમાં જ સામાન્ય વરસાદમાં રસ્તા ધોવાઈ જવાના અને ગાબડાં અસ્તિત્વમાં આવતા હોવાના કિસ્સા ધ્યાને આવે છે વ્હાઈટ ટોપિંગ રોડ વાહન ચાલકો માટે સલામત રોડ નેટવર્ક બની શકે છે જ્યારે આ મુજબના માર્ગ નું બાંધકામ ડામર રોડની સરખામણીએ ખર્ચાળ અને સમય માંગી લે છે . આ મુજબની યોજના અન્વયે અડાલજ, કોબા લીંક રોડની કામગીરી કરવા પાછળ રૂપિયા ૨૬ કરોડ અને રક્ષાશક્તિ સર્કલ પાસે રોડની કામગીરી હાથ ધરવા રૂ ૧૨ કરોડના ખર્ચનો અંદાજ છે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ દરખાસ્તોને મંજુરી આપી દેવામાં આવી છે આગામી જુલાઈ મહિનામાં આ અન્વયે કામ હાથ ધરાશે કૉંક્રિટથી આ રસ્તા બાંધવામાં આવતા હોવાથી થોડા સમયમાં ડોમરના જેવા લીસા બની જતાં નથી. વાહનોના ટાયરને નુકશાન ન કરે તેટલા પ્રમાણમાં તેની સપાટી રફ રહેતી હોવાથી પુરપાટ દોડતા વાહનની બ્રેક પણ ઓછા અંતરમાં લાગશે. પરિણામે વ્હાઈટ ટોપિંગ રોડના અંતે રોડ સેફ્ટી વધશે. વ્હાઈટ ટોપિંગ રોડ આસ્ફાલ્ટના રસ્તાની જેમ ગરમીમાં ખરાબ થતાં નથી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સરકારી બંગલાઓમાં સોલાર વોટર હીટર સિસ્ટમ લગાવાનુ કામ હાથ ધરાશે

**અમુક બંગલાઓમાં રીપેરીંગ હાથ ધરાશે જયારે જરૂર મુજબ નવી સિસ્ટમ લગાવાશે ક થી ગ-૧ કક્ષાના બંગલામાં વોટર હીટર લગાવવા આયોજન**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરની સોલાર સિટી તરીકે ઓળખ ઉભી કરવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. હાલ શહેરના અનેક ખાનગી મકાનોમાં સોલાર સિસ્ટમ જોવા મળે છે. જેના આધારે સ્થાનિકો વિજબચતનો લાભ લે છે જયારે નગરની અનેક સરકારી કચેરીઓમાં પણ ધાબે સોલાર પેનલ નાંખવામાં આવી છે. શહેરના સરકારી આવાસોમાં પણ અનેક ઠેકાણે સોલાર વોટર હીટર છે. જો કે દાયકાથી વધુ સમયના અંતે કેટલાક ઠેકાણે સોલાર હીટરમાં ક્ષતિ આવતા હવે તેનુ સમારકામ હાથ ધરવામાં આવશે સે-૯ માં ક થી ગ-૧ કક્ષાના બંગલામાં જરૂર હોય તેવા ઠેકાણે નવી સિસ્ટમ પણ લગાડવાનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર ઉર્જાનગરી તરીકે ઓળખાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે. જયારે આ અન્વયે સોલાર રૂફ ટોપ અભિયાન અન્વયે સરકારી આવાસોના ધાબે સોલાર પેનલ લગાડવામાં આવી છે. જયારે સોલાર પેનલ હીટર આપવામાં આવ્યા છે. જયારે હવે સે-૯ માં ક થી ગ-૧ કક્ષાના બંગલાઓમાં નવી સિસ્ટમ લગાવવા સહીત અગાઉની ક્ષતિગ્રસ્ત સિસ્ટમનુ પણ રીપેરીંગ કરવામાં આવશે. ગાંધીનગરમાં છેલ્લા એક દાયકાથી આ દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. ખાનગી વસાહત માટે પણ આ યોજના પ્રેરણારૂપ બને તે માટે ક થી ગ-૧ કક્ષાના બંગલાઓમાં પણ પાટનગર યોજના વિભાગ દ્વારા સોલાર પેનાલ લગાવામાં આવી છે. જયારે આ પેનલના લીધે પંખા અને એલ ઈ ડી લાઈટ વપરાશનુ બીલ ભરવાનો અવકાશ રહેતો નથી અલબત્ત બિલની રકમ જીરો સમકક્ષ આવી જાય છે.

જયારે સરકારી બંગલા સિવાય અન્ય ફલેટ ટાઈપ મકાનો સહીતના અન્ય તમામ સરકારી આવાસોમાં આ યોજનાનો અમલ કરવાનો ધાબા પર જગ્યાના અભાવે થઈ શકયુ નથી. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગરમાં નવા જુના સચિવાલય ઉપરાંત જુની અને અન્ય નવી સરકારી કચેરીઓના ધાબા પર વિશાળ સંખ્યામાં સોલાર પેનલ લગાવામાં આવી છે. જયારે ૧૦ મેગા વોટ સુધીના પાવર પ્લાન્ટ પણ કાર્યરત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત બગીચા સહીતના ઠેકાણે સોલાર લાઈટ લગાવામાં આવી છે. નગરના મુખ્ય માર્ગોના ક્રોસ જંકશન પર પણ વાહનોમાં ગતિ નિયંત્રણ કરવા માટે બ્લિન્કર્સ પણ લગાવાયા છે. જે સોલાર સંચાલિત છે. અગાઉ દસકા પુર્વે વિવિધ સેકટરોમાં સ્થિત સરકારી બંગલાઓમાં ધાબા પર સોલાર વોટર હીટરની સુવિધા ઉભી કરવામાં આવી હતી. જયારે હવે આ સિસ્ટમમાં ક્ષતિ હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. જેના લીધે સે-૯ ના બંગલાઓથી આ સિસ્ટમનુ સમારકામ હાથ ધરાશે જયારે સમારકામ ન થઈ શકે તેમ હોય તેવા સંજોગોમાં નવી સિસ્ટમ નાંખવામાં આવશે.





# ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ ૧૨ થી ૧૪ જૂન યોજાશે

**શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના સુચારું આયોજન માટે ૫૨ રૂટ નક્કી કરાયા : આંગણવાડીમાં ૨૮૭૨, બાલવાટિકામાં ૧૦,૭૯૬ અને ઘોરણ- ૧માં ૯૯૯ બાળકોની પ્રવેશવિધી સંપન્ન કરાશે**





ગાંધીનગર

સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગર જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. તા. ૧૨ થી ૧૪ જૂન, ૨૦૨૩ દરમ્યાન જિલ્લામાં શહેરી- ગ્રામ્ય વિસ્તારમાં આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેના સુચારું આયોજન અર્થે આજરોજ જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાને બેઠકમાં વિસ્તૃત માહિતી આપતાં જિલ્લાના પ્રાથમિક શિક્ષણાઘિકારીશ્રીએ જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના સુચારું આયોજન અર્થે જિલ્લામાં કુલ- ૫૨ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં દહેગામ તાલુકામાં ૧૯, ગાંધીનગર તાલુકામાં ૧૪, કલોલ તાલુકામાં ૧૨, માણસા તાલુકામાં ૭ રૂટનો સમાવેશ થાય છે. થોડાક દિવસમાં તમામ રૂટ ઉપરના પદાઘિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ અને અધિકારીઓની યાદી તૈયાર કરવામાં આવશે. તમામ મહાનુભાવોના લાયઝન માટે પણ લાયઝન અધિકારી નક્કી કરવામાં આવશે.

આ કાર્યક્રમ થકી ૧૦૦ ટકા નામાંકનનો ઘ્યેય જિલ્લામાં હાંસલ કરવામાં આવશે. તેમજ સાક્ષરતા દરની વૃઘ્ધિ કરવી અને સ્ત્રી સાક્ષરતા દરની વૃઘ્ધિ માટેના સઘન પ્રયાસ કરવામાં આવશે. સમાજ- વાલીઓમાં કન્યા શિક્ષણ પ્રત્યે જાગૃત્તિ લાવવાનો. શાળા તથા સમાજ વચ્ચે સમન્વય સાંધવાનો છે.

# સાહિત્ય પરિષદે રૂખસદ આપેલા સાહિત્યકારોની યાદી જાહેર કરી

ગાંધીનગર, તા.૦૬

તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી સાથે સંલગ્ન એવા ૧૨ સાહિત્યકારોને ગુજરાત સાહિત્ય પરિષદે તેની કારોબારીમાંથી રૂખસદ આપી દીધી છે તેવા સમાચારો માધ્યમોમાં પ્રકાશિત થયાં હતા. જોકે હવે સાહિત્ય પરિષદે રૂખસદ આપેલાં ૧૦ સાહિત્યકારોની યાદી જાહેર કરી છે અને આ ૧૦ સાહિત્યકારો પૈકી બે સાહિત્યકારો ગાંધીનગરના છે. પરિષદમાંથી રૂખસદ અપાયેલા સાહિત્યકારોમાં યજ્ઞેશ દવે, ધ્વનિલ પારેખ, મનીષ પાઠક, પારુલ બારોટ, પ્રજ્ઞા વશી, કનૈયાલાલ ભટ્ટ, અજયસિંહ ચૌહાણ, હરદ્વાર ગોસ્વામી, ગુણવંત વ્યાસ અને દીપક ભટ્ટનો સમાવેશ થાય છે. જે બે સાહિત્યકારો ગાંધીનગર છે તેમાં કનૈયાલાલ ભટ્ટ અને ધ્વનિલ પારેખનો સમાવેશ થાય છે. અગાઉ રાઘવજી માધડનું નામ પણ ચર્ચાઇ રહ્યું હતું પરંતુ પરિષદે જાહેર કરેલી યાદીમાં તેમનું નામ નથી.

# એચ ટાટના શિક્ષકોને મુંઝવતા પ્રશ્નો અંગે બલરામ ભવનમાં બેઠક યોજાઇ

**રાજ્યમાંથી ૩૦૦ શિક્ષકો હાજર રહ્યા આચાર્યોને અલાઉન્સ નો લાભ આપવા સહિતના મુદ્દે સરકારને રજૂઆત કરવામાં આવશે**

ગાંધીનગર તા ૬

એચ ટાટ મુખ્ય શિક્ષકોને મુંઝવતા પ્રશ્નોને અનુલક્ષીને નગરમાં બલરામ ભવન ખાતે એક બેઠક યોજવામાં આવી હતી આ બેઠકમાં મુખ્ય શિક્ષકોને સત્ર નિવૃતિનો લાભ આપવાની જોગવાઈ કરવા માંગ ઉઠાવામાં આવી હતી આ ઉપરાંત એચ ટાટમાંથી શિક્ષક તરીકે પરત જવાનો વિકલ્પ આપવામાં આવે તે મુદ્દે પણ ચર્ચા હાથ ધરવામાં આવી હતી જ્યારે અન્ય કામગીરી અન્વયે પણ આચાર્યોને એલાઉન્સનો લાભ મળે તે મુદ્દે ચર્ચા કરાઈ હતી.

બલરામ ભવનમાં યોજાયેલી એચ ટાટ મુખ્ય શિક્ષકોના પ્રશ્નો અંગેની બેઠકમાં રાજ્યમાંથી ૩૦૦ મુખ્ય શિક્ષકો અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં એચ ટાટ મુખ્ય શિક્ષકો માટેના નિયમો બાબતે ડ્રાફ્ટ બનાવીને રજુ કરવા સહિત મહત્વની ચર્ચાઓ કરવામાં આવી હતી . સમૂહ ચર્ચામાં રજૂ થયેલા ડ્રાફ્ટમાં રજુ કરાયેલા મુદ્દા મુખ્ય શિક્ષક મિત્રોને સત્ર નિવૃત્તિનો લાભ આપવાની અને પે સેન્ટરની દરેક શાળામાં શિક્ષણ સહાયક આપવા તેમજ વિદ્યાર્થીઓની ૩૦૦થી વધુ સંખ્યા હોય તેવા સંજોગોમાં શિક્ષણ સહાયક આપવાના મામલે પરામર્શ હાથ ધરવામાં આવી હતી

વધુમાં બઢતીથી આવેલા મુખ્ય શિક્ષકને એક નોશનલ ઈજાફો આપવો, નિ.શિક્ષણ અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની ભરતીમાં ૭૫:૨૫ રેશિયો કરવા એચ ટાટમાંથી જેને શિક્ષક તરીકે પરત જવું હોય તેને પરત જવાનો વિકલ્પ મળે, ઉપરાંત જગ્યાને વહીવટી કેડર ગણવાની સાથે બદલીના નિયમો શિક્ષક માટેના છે, તે પ્રમાણેના જ અમલ કરવામાં આવે આચાર્ય પાસેથી અન્ય કામગીરી પણ લેવામાં આવતી હોવાથી એલાઉન્સ આપવા આચાર્યોની બદલીઓ પણ શિક્ષકની જેમ ઓનલાઈન કરવા જ્યારે પરત ગયેલા મુખ્ય શિક્ષકને પણ ઉચ્ચત્તર પગારનો લાભ આપવાના મામલે પણ પ્રબળ લાગણી અને માંગણી વ્યકત કરવામાં આવી હતી જ્યારે આ સમગ્ર મુદ્દે સરકારને નજીકના દિવસોમાં રજુઆત કરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

# રાજ્યમાં ૫ લાખ છાત્રોએ સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો

**અંદાજિત ૪ લાખ ૫૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી**

ગાંધીનગર, તા.૬

રાજયમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેકનોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઈ રહી છે.

આમ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઈ રહી છે. તેનું પરિણામ રૂપી એ ફળ મળ્યું છે કે સેલ્ફ ફાયનાન્સ શાળા છોડીને હવે વાલીઓ તેમના બાળકોને સરકારી શાળામાં મૂકતા થયા છે. રાજ્યમાં છેલ્લાં ૯ વર્ષના આંકડા જોઈએ તો, અંદાજિત ૪ લાખ ૫૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે અમદાવાદ શહેરમાં છેલ્લાં ૯ વર્ષમાં અંદાજિત કુલ ૫૦,૨૮૮થી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી શાળામાં એડમિશન લીધું છે.

રાજ્યની વાત કરીએ તો વર્ષ ૨૦૧૪-૨૦૧૫માં કુલ ૪૫,૦૦૧ વિદ્યાર્થીઓ, ૨૦૧૫-૨૦૧૬માં ૪૯,૬૯૮ વિદ્યાર્થીઓ, ૨૦૧૬-૨૦૧૭માં ૫૯,૪૪૦ વિદ્યાર્થીઓ, ૨૦૧૭-૨૦૧૮માં ૫૧,૨૬૨ વિદ્યાર્થીઓ, ૨૦૧૮-૨૦૧૯માં ૫૦,૩૩૦ વિદ્યાર્થીઓ, ૨૦૧૯-૨૦૨૦માં ૫૦,૨૨૮ વિદ્યાર્થીઓ, ૨૦૨૦-૨૦૨૧માં ૪૦,૦૬૦ વિદ્યાર્થીઓ, ૨૦૨૧-૨૦૨૨માં ૪૪,૩૦૦ વિદ્યાર્થીઓ, ૨૦૨૨-૨૦૨૩માં ૬૦,૭૫૧ વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે.

સેલ્ફ ફાયનાન્સમાંથી સરકારી શાળામાં આવવાનું મુખ્ય કારણ એ પણ છે કે, સરકારી શાળાઓમાં મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમજ સમયની સાથે કદમથી કદમ મિલાવીને ટેક્નોલોજી યુક્ત શિક્ષણ, સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણવિદ્ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ બધી ખાસિયતોને કારણે સ્વભાવિક છે કે સરકારી શાળાઓમાં ખાનગી શાળા કરતા સારી સુવિધાઓ મળતી હોવાથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ સરકારી શાળા તરફ આકર્ષાયા છે અને એડમિશન પણ વધ્યા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com